





મોટે ઉપાડે કરે વિશ્વાસ, દગો કપાળે છે,
ચર્ચા બ્હાને મુસ્લિમ મતની દોણી લપાડે છે,
રમાડે છે એ પણ આ કહેવાતા ચાણક્યને
કોણ જાણે શું કામ એ શરીફને પંપાળે છે...




અંધ વિશ્વાસે,
'અધિક' ઉતાવળે -
ડૂબે છે શ્રદ્ધા..
(અપમૃત્યુ-શોક)

વિકલ્પો વડે -
ફરજીયાત મત -
થશે નાટક..
(દારૂબંધી જેવું..)

## ચિંતન

**અંતઃસાર વિહીનસ્ય સહાયઃ કિં કરિષ્યતિ । મલયે અપિ સ્થિતો વેણુ વેણુ રેવ ન ચંદનઃ ॥**

'જેની અંદર પોતાની જ આંતરિક શક્તિ, સૂઝબૂઝ, આવડત કે કંઇ સાર-બળ ન હોય તેને ગમે તેવો સહારો-સહાય મળે તો પણ શું કરી શકે? અર્થાત તેનું કંઇ જ પરિણામ ફળ મળતું નથી. જેમ કે પોલા વાંસનો છોડ, ભલે ને મલયાચલ પર્વત પર ઉગ્યો હોય છતાં પણ તે તે પોલો વાંસ જ થાય છે અને વાંસ જ રહેવાનો - એ કદાપિ ચંદન ન જ થઇ શકે.'

વ્યક્તિના અંતરમાં, હૃદયથી જ ઉત્સાહ અને આત્મબળની મહત્વાકાંક્ષા સાથે મક્કમ નિર્ણય હોય કે મારે આ બાબત-વિષય-પરીક્ષા-સાધનામાં સફળ થવું જ છે, તો સફળતા અવશ્ય મળે જ છે પણ પોતાની વૃત્તિ જ માંદલી અને ડગુમગુ શ્રદ્ધા-વિશ્વાસવાળી હોય તો એ બાબતમાં કદી કંઇ જ પ્રગતિ થતી નથી.

ઘણીવાર ધનિક માતા-પિતા પોતાના બાળકને ડોકટર-ઇજનેર બનાવવા તનતોડ-ધનતોડ મહેતન કરે છે પણ પેલાને ભણવામાં જ રસ ન હોય તો શું થાય?

અહીં મલયાનિલ પર્વત પર ઉગેલા 'વાંસ' નું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- જે ક્ષણે તમે તમારી જાતને બેદરકાર બની શકાય તેટલી શ્રીમંત માનવા લાગો છો એ ક્ષણે તમે સર્વનાશના રસ્તા પર ચરણ માંડો છો **- એન્ટોવ ચેખોવ**
- વિજ્ઞાનનું વિજ્ઞાન તે તત્ત્વજ્ઞાન **- એ.પી. જે. કલામ**
- જેને શાશ્વત સુખની ઇચ્છા છે એ બીજાને પોતાના જેવા જ માને અને બીજાનાં સુખદુ:ખને પોતાના જ ગણે **- જનકલ્યાણ**
- સમય જોઇ સંબંધ રાખે એના કરતાં સંબંધ જોઇને સમય આપે તે સાચો સંબંધ **- સમયસૂત્ર**
- પૈસાનું અભિમાન કરતાં લોકોનો 'અભિમાન' જ એનો મિત્ર રહે છે, કોઇ બીજો એનો મિત્ર નહીં **- કાંતિ ભટ્ટ**
- 'લોભ' અને 'કરકસર' આ બંને વચ્ચેનું અંતર સમજનાર માણસ સફળ અને સુખી થઇ શકે **- એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ એ છે જે માણસને કરમાવા દેવો નથી અને નફરત એ છે જે માણસને ખીલવા દેતી નથી **- હૃદયસૂત્ર**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

કોઇ પણ ધ્યેય પર પહોંચવાની પરાકાષ્ઠા પ્રાપ્ત કરવી હોય તો મક્કમ મનોબળ, ઉરનો ઉત્સાહ અને દૃઢ શ્રદ્ધા-વિશ્વાસ હોવા જરુરી છે. નાની-મોટી મુશ્કેલી કે નિષ્ફળતા તો આવતી રહે પણ એનાથી પાછા પગ કરી હારી ન જવાય. ઉલ્ટું બમણું બળ એકત્ર કરી લડી લેવું જોઇએ.

'એન્ટીકો'ને બાલ્યાવસ્થાથી ગાયકીનો શોખ હતો. કશી સમજ વિના પણ રાગ-રાગિણીના આલાપ મોટે મોટેથી કરતો રહેતો હતો.

વિધવા માતાએ એની પ્રતિભા પિછાની સંગીતની તાલીમની થોડી-ઘણી વ્યવસ્થા પણ કરી આપી. એકવાર શહેરમાં કોઇ સંગીતની સ્પર્ધા હતી. એમાં જુદા જુદા રાઉન્ડમાં 'ઓડીસન' ટેસ્ટ લઇ સ્પર્ધકો પસંદ કરવાના હતા. 'એન્ટીકો' તો પહેલાં જ રાઉન્ડમાં નિષ્ફળ રહ્યો. એટલું જ નહીં. આખા બોલા નિર્ણાયકે તો તેની બધા વચ્ચે મશ્કરી કરી ઉતારી પણ પાડ્યો.

એન્ટીકો ઘેર આવી, મા ના ખોળામાં માથું રાખી ખૂબ રડ્યો. મા એ લાગણીસભર માથે હાથ ફેરવી કહ્યું, એન્ટીકો - તું વિશ્વનો વિખ્યાત ગાયક થવા જ સર્જાયો છો. ખૂબ મહેનત કર, સફળતા તારાં ચરણ ચૂમશે.

મા ના આ પ્રોત્સાહન અને આત્મવિશ્વાસથી ખરેખર 'એન્ટીકો કારૂસો' વિશ્વવિખ્યાત ગાયક થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# સુભગ સંયોગોનો ત્રિવેણી સંગમ

## તંત્રી સ્થાનેથી....

જયોતિષ અને ખગોળ વિજ્ઞાન સમાંતરે ચાલતાં રહ્યાં છે. જયોતિષમાં સૂક્ષ્મ ગણતરીઓ ઉપરાંત અવકાશી પદાર્થો વિશેની ભવ્ય કલ્પનાઓનું રસાયણ છે. ખગોળ વિજ્ઞાન સમય સાથે વિકસતું ગયું છે અને તે સૂર્યને જયોતિષની જેમ ગ્રહમંડળનો રાજા કહેવા કરતાં એક ધગધગતો અગનગોળો કે 'તારો' કહેવાનું પસંદ કરે છે. ગુરુ સિંહ રાશિમાં પ્રવેશે છે એનો ખગોળવિજ્ઞાનીઓને મન વિશેષ મહિમા ન હોય પરંતુ સિંહસ્થ ગુરુ એની સાથે કુંભ પર્વ લઈ આવે છે, એ ભારતીય સંસ્કારોની દૃષ્ટિએ મહત્ત્વની ઘટના છે. ભારત ગર્વ લઈ શકે એવી બીજી એક ઘટનાની નોંધ પણ લેવી જોઈએ. ગાંધીનગર નજીકના ઝુલાસણની દીકરી સુનિતા વિલિયમ્સ છ મહિના સુધી અવકાશ નિવાસ કરીને વિશ્વવિખ્યાત બનેલી જ છે. હવે એની કારકિર્દીમાં વધુ એક મોરપીંછું ઉમેરાઈ રહ્યું છે. નાસા દ્વારા મંગળ ગ્રહ પર મોકલવા માટે જે ટીમ પસંદ કરાઈ છે એમાં સુનિતાનો સમાવેશ કરાયો છે. એ મંગળની માટી લઈને હેમખેમ પાછી ફરશે ત્યારે ફરી એક વાર વેપારી પ્રજા તરીકે ખતવાઈ ગયેલા ગુજરાતીઓની છાતી ફૂલશે - ફૂલવી જ જોઈએ. આજકાલ પવિત્ર અધિક માસ અને રમજાનની જુગલબંધી ચાલી રહી છે. 'પુરુષોત્તમ માસ' દર ત્રણ વર્ષે દસ્તક દે છે અને રમજાનની જેમ એ દર વખતે ઋતુ પણ બદલે છે. આનું કારણ ચાંદ્ર કેલેન્ડરને સૌર વર્ષ સાથે સાંકળવાની મથામણમાં પડેલું છે. ઈસ્લામને સૌર વર્ષ સાથે ફાવતું નથી. એ ચંદ્રગતિએ ચાલે છે, તેથી એનું વર્ષ હિંદુ-ખ્રિસ્તી વર્ષની સરખામણીએ ટૂંકું હોય છે. વધુ એક માંગલિક ઘટના રથયાત્રા અને રમજાન ઈદના સંયોગની બની રહેશે. રથયાત્રા હિંદુ સમાજનું એક મહિમાવંતુ પર્વ બની રહેલ છે. અગાઉ માત્ર જગન્નાથ પુરીનો ઈજારો ગણાતી રથયાત્રા હવે દેશમાં અનેક નાનાં-મોટાં નગરોનો લોકપ્રિય મહોત્સવ બની ચૂકી છે. કૃષ્ણ એ ભારતીય સંસ્કૃતિના સર્વાધિક લોકપ્રિય દેવતા છે. એમના વિષ્ણુના અવતાર કરતાં વિશેષ પ્રજાએ પોતાના પરિવાજન લેખે સ્વીકારી લીધા છે. અલબત્ત, ગોકુળ વૃંદાવનના ગોપાળ કૃષ્ણ, જગન્નાથપુરીના અધિષ્ઠાતા જગન્નાથ કૃષ્ણ, કુરુક્ષેત્રના પાર્થસારથિ કૃષ્ણ અને પુષ્ટિ માર્ગના રસિક વલ્લભ કૃષ્ણ-શ્રીનાથજી એ દરેક પ્રદેશ અને પ્રજાએ પોતપોતાની આસ્થા મુજબ સ્વીકારેલા કૃષ્ણ છે. દક્ષિણ દેશમાં એ તિરુપતિ કે ગુરુવાયુર નામે પૂજાય છે. આખા ભારતવર્ષના સર્વકાલીન લોકનાયક કૃષ્ણ ભગવાન અમદાવાદના જગન્નાથ મંદિરમાંથી નગરયાત્રાએ નીકળે છે, ત્યારે મહાનગર હિલ્લોળે ચડે છે. ૧૩૮ વર્ષની પરંપરા હવે તો નગરવાસીઓના લોહીનો લય બની ગઈ છે. આવા પવિત્ર પ્રસંગો માનવીને મૂઠી ઊંચેરાં મૂલ્યો સાથે જીવવાનું બળ પૂરું પાડે છે. રમજાન ઈદ અને રથયાત્રાનો સંયોગ અને એ પૂર્વે ગુરુ જેવા માંગલિક ગ્રહનો સિંહ રાશિ પ્રવેશ ગુજરાતને અને સમસ્ત રાષ્ટ્રને શુભંકર નીવડો, એ જ પ્રાર્થના.

# આકાશને ચુમવાની શરત અને ચાહવાની ઉંમર

## વિચારોના મધુવનમાં

- પ્રા. ડૉ. રાકેશ પટેલ

ઉંમરને આનંદ સાથે જોડવી એટલે સમજને ઉકરડે મૂકી આવવી. કેટલાયે મહાનુભાવો કામ ન કરવા બાબતે ઉંમરને વચાડે લાવે છે. ફૂલોને જોવાની અને આકાશને નીરખવાની કોઈ વય હોઈ શકે ખરી ?. અભ્યાસ અને સાહસને બાથમાં ભીડવા મનની મક્કમતા કામે લાગે છે.

સરલતા થી કંઈ ના મળે તો દુ:ખી ના થશો.
મળી જશે જો બધુ તો પ્રાર્થના શું કરશો,
સપના બધા હકિકત નથી થતા,
થશે બધુ હકિકત તો સપના શું જોશો?

શ્રી યોગેશ્વરજીએ લખેલી એક વાત યાદ કરવા જેવી છે.તેઓશ્રી કહે છે. 'સાગરને કાંઠે મળેલી મેદનીમાં આજે મેં એક અજબ માનવને જોયો. પુસ્તકોના ઢગની વચ્ચે તે બેઠો હતો. એક પંડિત તરીકે તેની ખ્યાતિ હતી. એટલે કુતૂહલથી પ્રેરાઈને લોકો તેને ઘેરી વળ્યા હતા. ભેગા થયેલા માનવમહેરામણને તે કહેતો હતોઃ ' મારા સમસ્ત જ્ઞાનભંડારને, મારી બધી પંડિતાઈને કોઈ લઈ લો, ને બદલામાં મને શિશુની સરલતા આપો. મારી બધી જ વિદ્યાને કોઈ લઈ લો.' માણસો એ સાંભળી હસતા હતા; તો કોઈ વિચારમાં પડતા હતા.

એક ડાહ્યા દેખાતા માણસે તેને કહ્યુંઃ ભાઈ, જ્ઞાન વિનાની શિશુની સરલતા લઈને તું શું કરીશ? જ્ઞાનના પરિપાક રૂપે પ્રગટતી સરલતા માટે પ્રભુને પ્રાર્થના કર. તો જ તારા જીવનની સમસ્યા ઉકલી શકશે. એક ઈશ્વર વિના બીજા કોઈનામાં તને સંતોષવાની શક્તિ નથી.' જ્ઞાન એ અનુભવનું માખણ અને વિચાર એ જ્ઞાનનું મેળવણ છે.

સમયને ઉંમર નથી પણ સમયની સાથે જીવનારને ઉંમરના બંધન નડે છે. મોરારિબાપુ પણ જીવનને બહુ નજીકથી જોવાનો પ્રયત્ન કર્યો છે. તૈતરિયારણ્યકમાં એક કથા છે. એક માણસ ધરતી પર હતો. તેણે આકાશમાં જોયું તો ઘણાં બધા તારા ઝગમગતા હતા. તેણે વિચાર્યું કે ધરતી પર તો કશું છે નહીં. ઉપર ખૂબ છે. ઉપરથી પ્રકાશ આવે છે. ત્યાં જ પહોંચી જાઉં. કહે છે કે તે માણસ પહાડ પર ચડી ગયો અને તારા તો એટલા જ ચા રહ્યા. એક પણ હાથમાં ન આવ્યો. તે થાકી ગયો અને પછી તેણે નીચે જોયું તો તેને સમુદ્ર દેખાયો. નીચે તો સમુદ્ર રત્નાકર છે. ત્યાં તો ખૂબ રત્નો મળશે તેથી તે નીચે આવી ગયો. તો કહે છે કે તે ફરી નીચે તર્યો અને સમુદ્ર પાસે ગયો. સમુદ્રમાં રત્ન તો મળ્યાં, પણ પાણી મીઠું ન મળ્યું. થાકી ગયો તે. ફરી તે વિચારવા લાગ્યો કે હવે શું કરવું ? છેવટે તે ધરતી પર આવ્યો. ધરતી પર ચાલતાં ચાલતાં કેરીનું વૃક્ષ આવ્યું. ત્યાં કૂવો હતો. તેણે જળ પીધું તો કૂવાએ મીઠું જળ આપ્યું. કેરી ખાધી તો ફળ પણ મીઠાં હતાં. પછી તેણે વૃક્ષની છાયામાં આરામ કર્યો. છેવટે તેણે નિર્ણય લીધો કે ઉપર ન જુઓ. નીચેનું ન વિચારો. જયાં છો, ત્યાં જ સુખનાં ફળ ખાઈ લો.

ગમતા લોકો અને મોજીલા માનવી દુષ્કર છે. મોરારિબાપુએ સરસ વાસ્તવિક જીવનનો દાખલો ગણી આપ્યો છે. વસ્તુની કિંમત ત્યાં સુધી જ છે જયાં સુધી યોગ્ય વ્યક્તિ મળ્યો નથી. એક બહુ મોટો મેળો ભરાયો હતો. એક નાનકડું બાળક એની મા સાથે મેળામાં ગયું. બાળક વારંવાર એની માતાને રમકડાં લઈ આપવા જીદ કરતું હતું. મા ગરીબ હતી, તે બાળકને કંઈ પણ ખરીદી દઈ શકે તેમ નહોતી, એટલે બહાના બતાવતી હતી કે આ વસ્તુ તો ખોટી હોય, આમાં બધું ખોટું દેખાતું હોય. એની પાસે પૈસા નહોતા. હૃદયમાં ઘણી ઈચ્છા હતી કે બાળકને હું રમકડું ખરીદી આપું, પણ સામર્થ્ય નહોતું. એ મા અને બાળકની પાછળ એક શ્રીમંત મેળો જોવા આવેલો. એ સતત જુએ છે કે આ બાળકને કંઈ ખરીદવું છે. શ્રીમંતને બાળક નહોતું, કોઈ સંતાન નહોતું એટલે એને બાળક તરફ ખૂબ લાગણી થઈ કે આ બાળકને હું કંઈ લઈ આપું. પણ એને થયું કે આ સ્ત્રી યુવાન છે, એકલી છે, હું એના બાળક તરફ આ લાગણી બતાવું તો કદાચ થશે કે મારા બાળક ઉપર આટલી બધી લાગણી શાની? કોઈ ખોટો ઈરાદો છે એવો અર્થ કદાચ કરે, એટલે પુરુષ બિચારો મનમાં ને મનમાં ભાવને રોકી રહ્યો છે. અચાનક મેળામાં કંઈ ધક્કામુક્કી થઈ અને બાળક છુટ્ટું પડી ગયું. એની માતા છૂટી પડી ગઈ.

બાળક રડવા લાગ્યું. સંતાનવિહોણા શ્રીમંત પુરુષને બાળકને રમાડવાનો, એને પ્રેમ કરવાનો યોગ મળી ગયો. એણે બાળકનો હાથ પકડીને કહ્યું, 'બેટા, તારે આ રમકડાં જોઈએ છે? લાવ, હું તને બધું ખરીદી આપું. તું રમકડાં માટે રડતો હતો, તો ચાલ હવે તું કહે એટલાં રમકડાં લઈ આપું. બાળકે રડતાં રડતાં જ જવાબ આપ્યો, 'હવે મારે રમકડાં નથી જોઈતાં, હવે મારે મારી મા જોઈએ છે. મેળાનાં રમકડાં ત્યાં સુધી જ સારાં લાગે, જયાં સુધી માનું અનુસંધાન રહે. જયારે માનો હાથ છૂટે ત્યારે આખો મેળો બગડી જાય છે. સંસારના ભોગો તો જ સુખદ રહેશે જો મા એટલે કે પરમાત્માનું અનુસંધાન રહેશે. કામ તો જ ફળદાયી બનશે જો રામનું અનુસંધાન રહેશે.

કવિ ઉમાશંકર જોશી કહે છે...

પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નથી
પુષ્પો, પૃથ્વીનાં ભીતરની સ્વર્ગીલી ગર્વીલી ઉત્કંઠા
તેજનાં ટાપુઓ, સંસ્થાનો માનવી અરમાનના;
પુષ્પો, મારી કવિતાના તાજબતાજ શબ્દો

પુષ્પો અને બાગ બગીચા સાથે કવિહૃદયનાં કે સંવેદનશીલ દરેક માનવને બહુ જ સીધો સબંધ હોય છે. આંખથી આંખ મળે અને પ્રણયની શરુઆત થાય સુંદર સ્મિત સાથે લાલ ગુલાબની કળી અપાઈને થાય કે રુઠેલ સજનને મનાવવા પણ પુષ્પગુચ્છ સમી કોઈ શુભ શરુઆત હોતી નથી. લગ્ન ચોરીમાં પણ પુષ્પમાળાને આદાન પ્રદાનનુ નિમિત્ત બનાવી બે પ્રેમી હૃદય સમાજ સમક્ષ જવાબદારી ભરેલ પ્રેમનો એકરાર કરે છે તો પ્રિય સ્વજનો વડીલો અને માત પિતાને કે પ્રભુ પ્રત્યે પોતાનો આદર વહાલ કે ભક્તિ દર્શાવવા પુષ્પોનો ઉપયોગ જગ જાહેર છે.

કવિ તો આમેય ઉંચા ઉડાનો ભરવામાં નિષ્ણાત હોય છે ને તેથી અહીં કવિ ઉમાશંકર જોશી કહે છે પુષ્પો, પૃથ્વીનાં ભીતરની સ્વર્ગીલી ગર્વીલી ઉત્કંઠા અને પુષ્પો, મારી કવિતાના તાજબતાજ શબ્દો - વળી - સંસ્થાનો માનવી અરમાનોનાં કહી પુષ્પોની મહ્ત્તા જીવનમાં દરેક ઠેકાણે છે તેવુ કહે છે. પણ માણસને ક્યાં સમય છે પુષ્પો સાથે વાત કરવાનો કહી ધન કીર્તિ અને દુન્યવી સફળતાની પ્રાપ્તિ પાછળ દોડતાં આપણને સૌને જે ગુમાવી રહ્યાં છે તે તરફ ધ્યાન દોર્યુ છે. ગિરિન જોશીની એક વાત નોંધવી મને ગમશે. તેઓ કહે છે પુષ્પો એટલેઈશ્વરે લખેલ સુગંધીત પ્રેમપત્રો જયારે રમેશ પારેખ લખે છે કે ફુલ તે વૃક્ષે પેટાવેલા દીવા છે એ જોવા કે સુગંધમાં ડુબકી મારે એવા કોણ મરજીવા છે?

# પ્રદીપભાઇ કાંતી પટેલના ગણિત અને ગુણાકાર ભાગાકારથી પ્રભાવિત થઇ ગયા

## નવાં કલેવર

- નટવર હેડાઉ

ટ્રીન... ટ્રીન... ટ્રીન.. મોબાઈલની રીંગ વાગી રહી હતી.

રીટાયર્ડ થયા છે ત્યારથી પ્રદીપના મોબાઈલમાં ફોન આવતા ઓછા થઈ ગયા છે. તેમના સ્ટેનો અશોકનની વાત યાદ આવી. 'સર! આ જમાનામાં કામ વગર કોઈ ફોન કરતું નથી.' અશોકનની વાત કેટલી સાચી હતી.

પણ આ મોબાઈલવાળાઓ ગમે ત્યાં, ગમે ત્યારે, ન સમય જૂએ છે કે ન રાત, દિવસ ગમે ત્યારે ધનધનાવવા લાગે છે. 'હેલ્લો, હું સંજના, તમે એકલતાથી કંટાળી ગયા છો? તો હું છું ને?'

હવે આ સંજના મોબાઈલ પર કેવી વાતો કરે છે. જયારથી કોલ સેન્ટર બન્યો છે ત્યારથી એક અલગ પ્રકારની રંગત શરુ થઈ છે. તે વારંવાર ફોન કરતી રહેશે. કયારેક સંજના તો કયારેક અપર્ણા. આ આંતરરાષ્ટ્રીય કંપનીઓએ માનવની ઈચ્છાઓનું પણ વ્યવસાયીકરણ કરી નાખ્યું. કોલોબ્રેશન કરીને દેશમાં પોતાનો પગપેસરો કરે છે. પછી પેંતરાઓ અને રંગ બદલવાનું શરુ કરી દે છે.

કોણ જાણે કેવી ઘડીમાં પ્રદીપે ક્રેડિટ કાર્ડ બનાવડાવી લીધેલું. તે પ્લાસ્ટિક મનીથી મળનારાં સુખની કાલ્પનિક અમીરીનાં પ્રદેશમાં વિહરવા લાગતો. ત્યારેએ ઓફીસમાં હતો. ક્રેડિટ કાર્ડનો ઈન્ચાર્જ આખી ઓફીસને પ્લાસ્ટિક મનીની છેતરામણી જાળમાં ફસાવી મેમ્બર બનાવી ગયેલો. જતાં જતાં તેણે પ્રદીપ ભાઈના કાનમાં કહેલું, 'તમે અપના બજાર કે મોલમાં તો જાવ છો ને?'

હાં ઘણીવખત જાઉં છું, ઘર જરૂરિયાતની ચીજો અમે ત્યાંથી જ ખરીદીએ છીએ.

'તો... તો આ તમારા માટે ખુબ જ ઉપયોગી છે.'

'કઈ રીતે?'

'દસ તારીખ સુધીમાં તો તમારું ખિસ્સું ખાલી થઈ જતું હશે.'

કાંતી પટેલે કાનમાં હળવેકથી કહેલું, 'સર, બધા નોકરીયાતોની એજ હાલત હોય છે. આપણું પણ એવું જ છે ને!'

પ્રદીપભાઈને લાગ્યું કે વાત વાતમાં આ માણસે તેમને ઉઘાડા પાડી દીધા. બાંધ્યા પગારની આવકરવાળાની સ્થિતિ આવી જ હોય. જે ઈમાનદાર છે તે તકલીફોથી કાયમ ઘેરાયેલાં રહેતા હોય છે. બાકી તો ઘણા કોઈની ટોપી કોઈના માથે પહેરાવતા હોય છે.

'બસ કોઈને ટોપી પહેરાવવાની જ વાત છે સર' કાંતી પટેલ બોલેલો. તમારે કાર્ડનો ચાર્જ વરસે એક વાર ભરવો પડશે. મંથલી સ્ટેટમેન્ટ તમને દર મહિનાની નવમી તારીખે મળી જશે. પેમેન્ટ તમારે ૩૦મી સુધીમાં કરવાનું રહેશે. કુલ એકવીસ દિવસ મઠશે. ક્રેડિક કાર્ડની આજ તો કમાલ છે. દરેક ગરીબ માણસ અમીર બની જાય છે. ન તો ચોરી થવાની બીક કે ન તો ખિસ્સું કપાવાનો ભય, બસ તેને સાચવીને રાખવાનું, હવે એક બીજી સિક્રેટ બતાવું છું. તમે દસ તારીખ સુધીમાં અપના બજાર કે મોલમાંથી જોઈતી વસ્તુઓ ખરીદી લો તમે પચ્ચીસ હજાર સુધીની ચીજો ખરીદી શકો છો. તમારું સ્ટેટમેન્ટ આવશે દસ બાર તારીખે, તે પણ આગળના મહિને, પેમેન્ટ કરવાનું થશે ત્રીસ તારીખ સુધીમાં એટલે કે તમારે દોઠ મહિના સુધી ચિંતા કરવાની જરુર નથી. આમ પણ તમને ચેક દ્વારા પેમેન્ટ મળે છે. તે વખતે એક ચેક લખી ને બેંકના ડબ્બામા નંખાવી દેવાનો. પ્રદીપભાઈ આટલી સગવડ બીજે કયાં મળે. આજ રસ્તા પર જે કારો તમે જૂઓ છો એ પ્લાસ્ટિક મનીની જ કમાલ છે. એટલે કે ક્રેડિટ કાર્ડ, આ કાર માલિકોમાંથી અડધા ઉપરાંત પાસે તો કરિયાણું ખરીદવા જેટલાંય પૈસા નહીં હોય. પણ એ ધનવાન થઈને ફરે છે. પેટ્રોલ-ડીઝલ પણ આ પ્લાસ્ટિક મનીનીથી જ ખરીદે છે. તેના પર દશ ટકા ડિસ્કાઉન્ટ મેળવે છે. એકથી એક ચડિયાતી ઓફર, રિવોર્ડ પોઈન્ટ અલગ. તેમાં વળી ગિફટ પણ મળે છે. બીજું જોઈએ શું? હોટલમાં જાવ ખાવ પીઓ અને ક્રેડિટ કાર્ડ ધરી દો. આજે દેશ સાઈઠ ટકા લોકો પ્લાસ્ટિક મનીને કારણે પૈસાદાર બની બેઠા છે. આને કહે છે સમાજવાદ. જે વિદેશથી આપણા દેશમાં આવ્યો છે.

પ્રદીપભાઈ કાંતી પટેલના ગણિત અને ગુણાકાર ભાગાકારથી પ્રભાવિત થઈ ગયા. ખરેખર આજે જેને જૂઓ તેની પાસે ક્રેડિટ કાર્ડ જોવા મળી રહ્યું છે. જયાં કોઈ ચીજ ગમી ગઈ ત્યાં ખરીદી લીધી. પ્લાસ્ટિક મળી છે ને! કાંતિ પટેલના જાદુઈ વિશ્લેષણથી વશીભૂત પ્રદીપ ભાઈએ કાર્ડ લઈ લીધું. તેણે આપેલ માર્ગદર્શન મુજબ નોકરી દરમિયાન તેમણે ખુબ ફાયદો ઉઠાવ્યો. પણ નોકરી જતાં જ પ્લાસ્ટિક મની પ્લાસ્ટિકના તૂટેલાં વાસણ જેવી લાગી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# લાગણી આપોઆપ થાય અથવા જિંદગીભર ન પણ થાય

**પ્રેમમાં પડવા જેવું કશું હોતું નથી, પ્રેમ હંમેશા માણસને ઊર્ધ્વગતિ કરાવે, પતન ન કરાવે, પ્રેમ પામવાથી, પ્રેમ મળવાથી વ્યક્તિની જિંદગીમાં સદાય માટે વસંતઋતુનું આગમન થઇ જતું હોય છે**

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

હોલિવુડની જાણીતી અભિનેત્રી, મોડલ અને સિંગર સ્કારલેટ જહોનસન (જન્મ-૧૯૮૪)એ એક વાર કહ્યું હતું કે પ્રેમ એટલે હૃદયના ડાણમાં અનુભવાતી લાગણીના ઝરણાનું વહેવું. આ બધું કુદરતી હોય છે. એના માટે કોઈ કૃત્રિમ પ્રયાસ કે પ્રયોગ કારગત રહેતા નથી.

પ્રેમ વિશે તેણે આ વાત કરી ત્યારે તેણે પોતાના પ્રેમસંબંધના અનુભવ પણ વર્ણવ્યા હતા. સ્કારલેટ જહોનસને પોતાના પ્રથમ પ્રેમ અને બ્રેક-અપ વિશે પણ નિખાલસતાથી વાત કરી હતી. સારાંશ એ જ કે પ્રેમની ફિલિંગ્સ - લાગણી આપોઆપ થાય અથવા જિંદગીભર ન પણ થાય. જિંદગીમાં પ્રેમની લાગણી એક જ વાર થતી હોય છે, વારંવાર નહીં.

સને ૧૯૯૪માં માત્ર દસ જ વર્ષની ઉંમરે સ્કારલેટે પહેલીવાર ફિલ્મમાં કામ કર્યું. તેની આ પ્રથમ ફિલ્મ - નોર્થ - સને ૧૯૯૬માં રિલિઝ થઈ. સ્કારલેટ હોલિવૂડની મોડર્ન સેક્સ સિમ્બોલ તરીકે આજે જાણીતી છે. સ્કરાલેટને વિશ્વની સૌથી આકર્ષક સ્ત્રી (સેક્સિએસ્ટ વુમન એલાઈવ) તરીકે બે વખત સને ૨૦૦૬ અને ૨૦૧૩માં જાહેર કરવામાં આવી હતી. એક જ સ્ત્રીને બે વખત આ ખિતાબ મળ્યો હોય એવું પહેલી વાર બન્યું હતું.

પ્રેમ અથવા લાગણી રુપના ગુલામ હોઈ શકે નહીં. આ વાત એ રીતે કરીએ કે રુપ હોય તો જ પ્રેમ યા લાગણી મળે યા આવા સંબંધમાં રુપ હોય તો જ સફળતા મળે એવું હંમેશા હોતું નથી. સ્કારલેટ જહોનસન પાસે રુપ, ધન-દોલત અને શોહરત-નામના હોવા છતા તેનો બે-બે વાર પ્રેમભંગ-મોહભંગ થયો. પહેલી વારનો ટિન-એજ પ્રેમસંબંધ આગળ વધી શક્યો નહીં.

પ્રોફેશનલ કેરિઅરમાં રેયાન રેનોલ્ડ સાથે પરિચય થયો અને સંબંધ બંધાયો. તેની સાથે સને ૨૦૦૮માં પ્રેમલગ્ન કર્યાં. ત્રણ વર્ષનાં લગ્નજીવનના અંતે સ્કારલેટે સને ૨૦૧૧માં ડિવોર્સ લઈ લીધા. ત્રણ વર્ષ તેણે એકાકી જિંદગી ગુજારી અને ફરી એક વાર તેણે રોમેન ડ્યુરિક સાથેની લીવ ઈન રિલેશનશીપ બાદ સને ૨૦૧૪માં બીજી વાર લગ્ન કર્યાં. પહેલા લગ્નથી તેને એક સંતાન છે.

પ્રેમની લાગણી જિંદગીમાં એક વાર થાય પણ ખરી અને ન પણ થાય. એટલે કે પ્રેમ પામ્યા વિના પણ માણસની જિંદગી સમાપ્ત પણ થઈ જાય. જીવનમાં કોઈને એક વાર પ્રેમની અનુભૂતિ થાય જ એવું જરુરી નથી. જાણે કે આ એક ઈશ્વરીય આશીર્વાદ જ છે. ખરી પ્રેમની અનુભૂતિ એક જ વાર થાય. એ પછી જે કંઈ થાય એને સમજુતી અથવા તડ-જોડનું નામ આપી શકાય, પ્રેમનું નામ આપી શકાય નહીં. બીજી વારનાં સંબંધમાં હંમેશા સમાધાન જ કરવાનું આવતું હોય છે.

પ્રેમમાં પડવું એવા શબ્દપ્રયોગ સામે એક વાર પૂજનીય મોરારિ બાપુએ એમ કહીને વિરોધ નોંધાવ્યો હતો કે આ અનુભૂતિમાં પડવાની કોઈ ઘટના જ નથી. પ્રેમ હંમેશા માણસને ર્ધ્વગતિ કરાવે, પતન ન કરાવે. પ્રેમ પામવાથી, પ્રેમ મળવાથી વ્યક્તિની જિંદગીમાં સદાય માટે વસંત ઋતુનું આગમન થઈ જતું હોય છે. ગુજરાતી લોકગીત પણ છે કે લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો...

પ્રેમ માણસને બાળક એટલે કે બાળક જેવા નિર્દોષ બનાવી દે છે. દોષરહિત, એટલે કે સંપૂર્ણ પવિત્ર. આમ પ્રેમ પામવાથી તો માણસ દોષરહિત બની જાય છે. આ અર્થમાં પ્રેમ કોઈ પણ સંજોગોમાં આદરપાત્ર હોઈ શકે, ધિક્કારપાત્ર પણ નહીં. પ્રેમમાં પ્રેમનો જ સરવાળો થાય છે. પ્રેમમાં હંમેશા ર્ધ્વગતિ જ હોય એટલે કે ઉન્નતિ થાય, થતી રહે. પ્રેમ પામનાર અને પ્રેમ આપનાર બે વ્યક્તિ પછી તો બે વ્યક્તિ મટીને એક જ વ્યક્તિ - એક જ અસ્તિત્વ થઈ જાય છે. બે જણા બે મટીને એક થાય ત્યારે છીપમાં ઝાકળનું (પાણીનું) ટીપું મોતી બની જાય છે.

સ્ટોપરઃ-

ગુંચવાય તે નહીં, પરંતુ ઉકેલાય તે સંબંધ.

- મોરારિ બાપુ

# સમાજસેવાનો 'ભાવ'...!! અમો કાકા બાપાના પોર્યા રે કુન્ડળીયું ખેલાડું...!!

**સંબંધોની ફાલિ રાખીને, ચહેરા પર સ્માઇલ રાખી, લાગણીઓ લેસરથી કાપે, માણસ છે, બિઝનેસ કરે છે**




પારસ પંડ્યા એક ધ્યેયવાદી અને વિદ્યાપ્રેમી શિક્ષક... નિવૃત્ત થયાં અને પોતાની બાકીની જીંદગીને વધુ સુંદર બનાવવા એક આશ્રમશાળાની સ્થાપના કરી. આદિવાસી, વિચરતી જાતિ અને આર્થિક રીતે પછાત બાળકોને એવાં વિસ્તારમાંથી લઈ આવ્યાં જયા પુરતી પ્રાથમિક સગવડતાં નથી. શિક્ષણ તો કયાંથી હોય? ડુંગરાઓની પથરાળ ભૂમિ પર પથરાયેલી પ્રજાએ એક મજબૂત સહાય બનવાં એમણે આવાં બાળકોને તેડી લીધા અને પોતાની આશ્રમશાળામાં લઈ આવ્યાં...

એમનાં શિક્ષણ સાથે બધી જ વ્યવસ્થા ઊભી કરી. પોતાના પ્રોવિડંડ ફન્ડ અને અન્ય આવેલાં બધા રૂપિયા લગાડી દીધા. થોડા વર્ષો વિત્યા એમનાં કામની અને કર્તવ્યનિષ્ઠાની વાતોની ગામમાં કિર્તી ફેલાવા લાગી અને મદદતા આપવા લોકો આગળ આવવાં લાગ્યાં, એમણે આશ્રમશાળાને શૈક્ષણિક સંસ્થામાં ફેરવી ગામનાં જ મોભીઓને સંચાલક મંડળમાં સમાવી સંસ્કાર શાળામાં રૂપાંતર કરાવી દીધી... એક દિવસ આ સંચાલક અચાનક જ દેવલોક પામ્યાં...



સરકારી માન્યતા અને ગ્રાન્ટ મળતાં આ શાળામાં શિક્ષકો પણ આવી ગયા હતા. ગામનાં આગેવાનો અને ધનકુબેરો આ આશ્રમશાળાને પ્રસંગોપાત યથાશક્તિ દાન કરતાં હતા... સંસ્થાના સદનસીબે પારસભાઈને જગ્યાએ આવેલા પશાભાઈ પટેલ પણ એટલાં જ સેવાનિષ્ઠ અને બાળકોને પ્રિય થઈ ગયા...

પરીક્ષા પતી ગઈ હતી. વેકેશન થઈ ગયું. ગામના બાળકો તો આવવાનાં બંધ થયાં પણ બહારના ડુંગરાળ વિસ્તારના બાળકો ઘેર ન જતાં એ આશ્રમશાળામાં જ રોકાઈ રહેતાં. ભૂખ-ભટકવું અને તૂચ્છતા ભરી નજરો કરતાં આ આશ્રમશાળામાં રહીને ભણવું કેટલાંય છોકરા-છોકરીઓને સારું લાગતું. અને આવા લગભગ ૩૦-૩૫ છોકરા છોકરીઓ આ આશ્રમશાળા એક ખુશીથી શેટ થયેલાં હતા...

એક દિવસ કાર્યાલયમાં અધિક્ષક પોતાનું કામ કરતાં હતા ત્યાં ગામનાં ચાર-પાંચ સમૃદ્ધ લોકો એમને મળવાં આવ્યા. ચા-પાણીનો કાર્યક્રમ - સ્વાગત પત્યું, બાદ એક વ્યક્તિ બોલ્યો, 'સાહેબ, આપણાં શેઠના મોટા દીકરાનું શુક્રવારે લગન છે. ધામધૂમથી લગન થવાનું છે. આખા ગામને જમવાનું આમંત્રણ છે. તમારી આ આશ્રમશાળાના પણ સૌ બાળકોને ભોજનનું આમંત્રણ આપ્યું છે. શેઠ રૂબરૂ આવી શકે એમ ન હોવાથી અમે આપને આમંત્રણ આપવા આવ્યાં છીએ. આ ગરીબ બાળકોને એ બહાને મિઠાઈ ખાવા મળી જશે.'

છેલ્લા વાક્ય પર અક્ષિધક જરા ગંભીર થઈ ગયા. હાથમાં પકડેલી ફાઈલ બંધ કરી તેઓ બોલ્યા, 'તમારા આમંત્રણ માટે અમે આપના આભારી છીએ. પણ, મારા અનુભવની બે-ચાર વાતો તમને કરુ છું. જો કાંઈ વધુ લાગે તો ક્ષમા કરશો.'

એક તો આપણે સમાજ અને સમાજના શ્રીમંત લોકોની એવી સમજ છે કે, આવા સમારંભ વખતે આવા ગરીબ - ભૂખે મરતાં બાળકોને જમાડીએ એટલે પુણ્યપ્રાપ્તિ થાય છે. એમના પર દયા કરવી, ઉપકાર કરવો, આ બધી વાતો થોડીક ભૂલભરેલી છે. અમારા આ બાળકો કોઈના આમંત્રણની રાહ જોઈને બેસેલા નથી હોતાં. કંઈક મિઠાઈ ખાવાં મળશે એવી લાલચ પણ નથી અને એ માટે તેઓ હાથમાં કટોરો લઈ કોઈના ઘર સામે ભીખ માંગવા પણ જતા નથી.

બાજરાનો અરધો રોટલો, ડુંગળી, તેલીયા ચોખાનો ભાત અને છાશ પર પણ આ બાળકો રાજી છે. એટલે ઉપકાર તરીકે એઠું-જુઠું ખાવા આપવું, એ મને માણસાઈનો અપરાધ જ લાગે છે. કૂતરાને નાંખી દેવામાં આવતો ખોરાક આમની થાળીમાં પીરસવામાં આવે એને ઔદાર્ય ન કહેવાય. આજકાલ આવાં વિકૃત પ્રવૃત્તિને સમાજનો રોગ લાગ્યો છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)